GJVD021072382026

सत्यमेव जयते

**વડોદરાના મહે. ૭ માં જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. - વડોદરા.**

---

**ક્રિમીનલ કેસ નં :-૯૯૦૯૧/૨૦૨૬**
**આંક :-**

**ફરિયાદી :- સરકાર શ્રી**
**વિરુધ્ધ**
**આરોપી :- મહેન્દ્રભાઇ કાળુભાઇ ગોહિલ**

**ગુનો :- ગુજરાત પ્રોહી. (એમેન્ડમેન્ટ) એક્ટની કલમ - ૬૫(એ)(એ) મુજબ.**

**:: આંક - ૧ લગત હુકમ ::**

**(૧)** સદર કામના આરોપી કોર્ટ રૂબરુ હાજર થતાં તેઓને ફરીયાદપક્ષના કેસની હકીકત વાંચી સંભળાવતાં આ કામના આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૨)** આરોપીએ તેઓ સામાન્ય અને ગરીબ વર્ગનાં મજુરી કરનાર ઈસમ હોય અને આ તેઓનો પ્રથમ ગુનો છે તેવું જણાવેલ છે. તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી. જેથી તેઓ પોતાનુ તેમજ કુટુંબનુ ગુજરાન કરી શકે તેવી સ્થિતીમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિતી ખરાબ હોવાના કારણે હાલનો ગુનો થઈ ગયેલ છે. અને નામ. કોર્ટની કાર્યવાહીનો સમય અને નાાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશથી વિનમ્રમાફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે. આરોપીને સજા અંગે સમજાવવામાં આવેલ છે તેમ છતાં આરોપીએ કબુલાત પુરસીસ આપી તેઓએ ગુનાની સ્વેચ્છીક અને પોતાની મરજીથી ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે.

**(3)** તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા તથા પ્રવર્તમાન કાનુની પ્રબંધો ધ્યાને લેતા, સદર કામે આરોપી સામેનું ચાર્જશીટ જોતાં આરોપીનો કોઇ ગુનાહિત ઈતિહાસ હોવાનું ફલિત થતું નથી તેમજ તેની સામે અન્ય કોઇ ગુનાં નોંધાયેલા હોય, તેવો કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ નથી. તેમજ આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની

હકીકત તથા કેસનાં સંજોગો અને કબુલાત પુરસીસથી આરોપીએ રજુ કરેલ કબુલાતનામાની હકીકત ધ્યાને લેતાં તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર.૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૬૪ અન્વયે મજકૂર ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પૂરા) ના દંડની તથા કોર્ટ ઊઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો વધુ દિન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળાના તબક્કે હુકમ કરવામાં આવેલ હોય તો, તે કાયમ કરવામાં આવે છે અને બાકીનો મુદ્દામાલ અપીલ સમય બાદ કાયદા મુજબનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા.૧૧મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ હુકમ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : વડોદરા
તા. ૧૧/૦૭/૨૦૨૬

**( એલ. એમ. પરમાર )**
૭માં એડી. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડોદરા. કોડ નં. **જીજે.૦૧૭૦૫.**

પાવતી નં :– __ __ __
**રૂ. ૧૦૦/– (અંકે સો રૂપિયા)**
તા. ૧૧/૦૭/૨૦૨૬

નાઝર
ચીફ જયુડી. મેજી. કોર્ટ,
વડોદરા.